

કામકાજનો ટૂંકો અહેવાલ

છઠ્ઠી ગુજરાત વિધાનસભા

સાતમું સત્ર

(તા. ૨૭મી ડિસેમ્બર, ૧૯૮૨ થી તા. ૩જી જાન્યુઆરી, ૧૯૮૩)

ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર.

પ્રસ્તાવના

આ પ્રકાશનમાં ગુજરાત વિધાનસભાના સાતમાં સત્ર (તા. ૨૭મી ડિસેમ્બર, ૧૯૮૨થી તા. ૩જી જાન્યુઆરી, ૧૯૮૩)માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે શકય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઈને તે ઉપયોગી નીવડશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૦—૧—૧૯૮૩.

દ્વિજેન દેસાઈ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

એચબી—૧૬૬૯—(આઈ)

અનુક્રમણિકા

ક્રમાંક	વિષય	પાના નંબર
૧	૨	૩
૧.	છઠ્ઠી ગુજરાત વિધાનસભાના સાતમાં સત્ર (તા. ૨૭મી ડિસેમ્બર, ૧૯૮૨-થી તા. ૩જી જાન્યુઆરી, ૧૯૮૩)માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ	૧
૨.	પત્રક ક્રમાંક-૧ સત્રમાં થયેલાં જુદા જુદા કામકાજે લીધેલ સમય અને તેની ટકાવારી	૧૧
૩.	પત્રક ક્રમાંક-૨ ગૃહની બેઠકોની તારીખ અને સમય ...	૧૨
૪.	પત્રક ક્રમાંક--૩ સભ્યોએ વ્યકિતગત રીતે આપેલ હાજરી (સભ્યોનું હાજરી પત્રક)	૧૩
૫.	પત્રક ક્રમાંક-૪ સભ્યોની તારીખવાર હાજરી ...	૨૩
૬.	પત્રક ક્રમાંક-૫ ટુંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોનો નિકાલ (આંકડામાં)	૨૪
૭.	પત્રક ક્રમાંક-૬ ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)	૨૬
૮.	પત્રક ક્રમાંક-૭ તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)	૨૭
૯.	પત્રક ક્રમાંક-૮ અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)	૨૯
૧૦.	પત્રક ક્રમાંક-૯ સરકારી વિધેયકો ...	૩૨
૧૧.	પત્રક ક્રમાંક-૧૦ મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યકત કરતાં પ્રસ્તાવો (નિયમ--૧૦૬)	૩૪
૧૨.	પત્રક ક્રમાંક--૧૧ વૈધાનિક પ્રસ્તાવો સિવાયના સરકારી પ્રસ્તાવો (નિયમ--૯૩) ... ... —...	૩૫

૧	૨	૩
૧૩.	પત્રક ક્રમાંક-૧૨ વટહુકમો નામંજૂર કરતા પ્રસ્તાવો (નિયમ-૧૧૨(૨))	૩૬
૧૪.	પત્રક ક્રમાંક-૧૩ ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬)	૩૭
૧૫.	પત્રક ક્રમાંક-૧૪ દાખલ કરવાનું બિન-સરકારી વિધેયક ...	૩૮
૧૬.	પત્રક ક્રમાંક-૧૫ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના (નિકાલ થયેલા) બિન-સરકારી વિધેયકો	૩૯
૧૭.	પત્રક ક્રમાંક-૧૬ પહેલાં, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેલાં બિન-સરકારી વિધેયકો	૪૦
૧૮.	પત્રક ક્રમાંક-૧૭ સત્ર દરમિયાન વિધાનસભાના પક્ષોમાં થયેલ ફેરફારની તારીખવાર માહિતી ...	૪૭
૧૯.	પત્રક ક્રમાંક-૧૮ સભાઓની તારીખવાર યાદી ...	૪૮
૨૦.	પત્રક ક્રમાંક-૧૯ રોંજેરોજના કામકાજનો સારાંશ	૪૯
૨૧.	પત્રક ક્રમાંક-૨૦ વિધાનસભાની ચર્ચાઓમાં જુદા-જુદા સભ્યોનો ફાળો	૬૫
૨૨.	પત્રક ક્રમાંક-૨૧ શોકદર્શક ઉલ્લેખો ...	૮૮

છઠ્ઠી ગુજરાત વિધાનસભાના સાતમા સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

પ્રારંભિક

૧. છઠ્ઠી ગુજરાત વિધાનસભાનું સાતમું સત્ર સોમવાર, તા. ૨૭મી ડિસેમ્બર, ૧૯૮૨થી શરૂ થયું હતું અને સોમવાર, તા. ૩જી જાન્યુઆરી, ૧૯૮૩ના રોજ રાજ્યપાલશ્રીના આદેશથી સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૫ દિવસ મળી હતી અને તેમાં ૫ બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૨૩ કલાક અને ૧૬ મિનિટ કામ કર્યું હતું. સત્ર દરમિયાન જુદા જુદા કામકાજ જેવાં કે પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, બિન-સરકારી વિધેયકો વગેરેમાં કેટલો સમય ગયો હતો અને તેની ટકાવારી પત્રક ક્રમાંક-૧ માં આપવામાં આવી છે.

ગૃહની બેઠકોની તારીખ અને સમય

૨. ગૃહની બેઠકોની તારીખ અને સમય પત્રક ક્રમાંક-૨માં આપવામાં આવ્યા છે.

હાજરી

૩. સત્ર દરમિયાન એક દિવસમાં વધારેમાં વધારે હાજરી ૧૫૩ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૪૧ હતી. સરેરાશ હાજરી ૧૪૭.૨ હતી. સભ્યોએ વ્યક્તિગત રીતે આપેલ હાજરી પત્રક ક્રમાંક-૩ તથા સભ્યોની તારીખવાર હાજરી પત્રક ક્રમાંક-૪માં દર્શાવવામાં આવી છે.

તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો

૪. સત્ર દરમિયાન ૨ ટૂંકી મુદતના પ્રશ્નોની, ૪૯૯ તારાંકિત પ્રશ્નોની અને ૫૧૮ અતારાંકિત પ્રશ્નોની સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તે તથા પ્રશ્નોની વિભાગવાર માહિતી પત્રકો, ક્રમાંક ૫, ૬, ૭ અને ૮માં આપવામાં આવી છે. સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પુછવા માટે પ્રથમ તા. ૨૭-૧૨-૮૨ થી ૩૦-૧૨-૮૨ સુધી એમ ૪ દિવસોનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો. સત્રના પ્રથમ દિવસે એટલે કે તા. ૨૭-૧૨-૮૨ના રોજ સભાગૃહ મુલત્વી રહેતાં તથા તા. ૨૯-૧૨-૮૨ના દિવસે જાહેર રજા જાહેર થતાં સભાગૃહની બેઠકો મળી ન હતી. આ બન્ને દિવસોની તારાંકિત પ્રશ્નોત્તરી અનુક્રમે તા. ૩૧-૧૨-૮૨ અને ૩-૧-૮૩ના રોજ હાથ ધરવામાં આવી હતી. પ્રશ્નો સંબંધિની કેટલીક રસપ્રદ વિગતો નીચે મુજબ છે.

(૧) સત્ર દરમિયાન કુલ ૧૯૭ તારાંકિત પ્રશ્નો સભાગૃહમાં રજૂ થયા હતા. તેમાંથી ફકત ૪૪ પ્રશ્નોના મૌખિક જવાબ આપવામાં આવ્યા હતા.

(૨) કુલ ૪ તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીઓમાંથી વધારેમાં વધારે એટલે કે ૫૭ પ્રશ્નો તા. ૩-૧-૮૩ની યાદીમાં અને ઓછામાં ઓછા એટલે કે ૩૬ પ્રશ્નો તા. ૨૮-૧૨-૮૨ની યાદીમાં હતા.

(૩) સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્નોમાંથી વધારેમાં વધારે ૧૩ પ્રશ્નોના તા. ૩૦-૧૨-૮૨ના રોજ અને ઓછામાં ઓછા ૮ પ્રશ્નોના તા. ૩૧-૧૨-૮૨ના રોજ સભાગૃહમાં મૌખિક જવાબો આપવામાં આવ્યા હતા.

વટહુકમો

૫. સત્ર દરમિયાન નીચેના વટહુકમો તેની સામે જણાવેલ તારીખે વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા'

અ. નં.	નંબર અને ટૂંકી સંજ્ઞા	મેજ ઉપર મૂકયા તારીખ
૧.	સન ૧૯૮૨નો વટહુકમ ક્રમાંક-૨ સન ૧૯૮૨નો ગુજરાત નગરપાલિકા (સુધારા) વટહુકમ.	૨૮-૧૨-૮૨
૨.	સત્ર ૧૯૮૨નો વટહુકમ ક્રમાંક-૩ સન ૧૯૮૨નો ગુજરાત આકસ્મિક ફંડ (કામચલાઉ વધારા) વટહુકમ.	૨૮-૧૨-૮૨
૩.	સન ૧૯૮૨નો વટહુકમ ક્રમાંક-૪ સન ૧૯૮૨નો ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વટહુકમ.	૨૮-૧૨-૮૨

સરકારી વિધેયકો

૬. સત્ર દરમિયાન સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૮૮ સભાગૃહમાં દાખલ કરવામાં આવ્યું હતું અને ત્રણેય વાંચનમાંથી પસાર કરવામાં આવ્યું હતું. (જુઓ પત્રક ક્રમાંક-૯).

વટહુકમોનું સ્થાન લેતા વિધેયકો

૭. સત્ર દરમિયાન ૩ વટહુકમો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા તેને વટહુકમનું સ્થાન લેતું સન ૧૯૮૨નું ગુજરાત આકસ્મિક ફંડ (કામચલાઉ વધારા) વિધેયક પસાર કરવામાં આવ્યું હતું.

વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા રાષ્ટ્રપતિ/રાજ્યપાલશ્રીની અનુમતિવાળા વિધેયકો

૮. સત્ર દરમ્યાન રાષ્ટ્રપતિ/રાજ્યપાલશ્રીની અનુમતિવાળાં નીચેનાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં :—

અનુ. ક્રમાંક	વિધેયકનો નંબર અને ટૂંકી સંજ્ઞા	કોની અનુમતિ મળી	મેજ ઉપર મૂકયા તારીખ
૧	૨	૩	૪
૧.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૫૨- સન ૧૯૮૨નું મુંબઈ સિંચાઈ (ગુજરાત સુધારા) વિધેયક.	રાજ્યપાલશ્રી	૨૮-૧૨-૮૨
૨.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૬૬-સન ૧૯૮૨નું મુંબઈ ખેતીની જમીનના ટૂકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રિકરણ કરવા બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક.	રાષ્ટ્રપતિશ્રી	૨૮-૧૨-૮૨
૩.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૬૮-સન ૧૯૮૨નું ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી (સુધારા) વિધેયક.	રાજ્યપાલશ્રી	૨૮-૧૨-૮૨
૪.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૬૯ સન ૧૯૮૨નું ગુજરાત સહકારી મંડળી (સુધારા અને માન્ય ઠરાવવા) બાબત વિધેયક.	રાજ્યપાલશ્રી	૨૮-૧૨-૮૨

મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો (નિયમ-૧૦૬)

૯. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૬ હેઠળ મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવોની ૪ સૂચનાઓ મળી હતી. આ પૈકી એક સૂચના મુદત બહારની હોવાના કારણે નામંજૂર કરવામાં આવી હતી. બાકીની ૩ સૂચનાઓ પૈકી સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓના નામ જોડતાં એક પ્રસ્તાવ દાખલ કરવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવ રજૂ કરવા દેવા સભાગૃહે તા. ૨૮મી ડિસેમ્બર, ૧૯૮૨ના રોજ પરવાનગી આપી હતી. પ્રસ્તાવ પર તા. ૨૮મી અને ૩૦મી ડિસેમ્બર, ૧૯૮૨ના રોજ ચર્ચા કરવામાં આવી હતી ચર્ચાને અંતે અવિશ્વાસની દરખાસ્ત અંગેનો પ્રસ્તાવ મત માટે મૂકાતાં સભાગૃહે પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો હતો (જુઓ પત્રક ક્રમાંક-૧૦).

વૈધાનિક પ્રસ્તાવો સિવાયના સરકારી પ્રસ્તાવો (નિયમ-૯૩)

૧૦. સત્ર દરમિયાન નિયમ ૯૩ અન્વયેના વૈધાનિક પ્રસ્તાવો સિવાયના ૧ સરકારી પ્રસ્તાવની સૂચના મળી હતી અને તે દાખલ કરવામાં આવી હતી. આ પ્રસ્તાવ ઉપર તા. ૩૧-૧૨-૮૨ અને તા. ૩-૧-૮૩ના રોજ ચર્ચા કરવામાં આવી હતી (જુઓ પત્રક ક્રમાંક-૧૧).

વટહુકમો નામંજુર કરતા વૈધાનિક પ્રસ્તાવો (નિયમ-૧૫૨(૨)

૧૧. સન ૧૯૮૨ના વટહુકમ ક્રમાંક-૨ અને ૩ને નામંજુર કરવા અંગેના વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨(૨) અન્વયેના પ્રસ્તાવની ત્રણ સૂચનાઓ મળી હતી અને તે દાખલ કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૨).

ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ-૧૦૧)

૧૨. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૧ હેઠળ જેની ચર્ચા માટે દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવોની કુલ ૭ સૂચનાઓ મળી હતી જે બધી નામંજૂર કરવામાં આવી હતી.

છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

૧૩. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ ૧૩ સૂચનાઓ આવી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓના નામોનું બેલટ તા. ૨૪-૧૨-૧૯૮૨ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલટમાં આવેલ સભ્યશ્રી શંકરજી ઠાકોરે ખાખરીઆ ટપ્પા વિસ્તારમાટે વિકાસ બોર્ડની રચના અંગેના પ્રસ્તાવની સૂચના આપી હતી. જે દાખલ કરવામાં આવી હતી. પરંતુ સભ્યશ્રીએ પ્રસ્તાવ ગૃહમાં રજૂ ન કરતા ચર્ચા થઈ શકી ન હતી.

ટૂંક સમયની ચર્ચા (નિયમ-૧૧૨)

૧૪. ગુજરાંત વિધાંનસભાના નિયમોના નિયમ-૧૨૨ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા માટે કુલ ૬ સૂચનાઓ આવી હતી. તે પૈકી ૩ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. બાકીની ૩ સૂચનાઓ પૈકી સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓના નામ જોડતાં કુલ ૧ સૂચના દાખલ કરવામાં આવી હતી. પરંતું મંત્રીમંડળમાં વ્યકત કરતા પ્રસ્તાવની સૂચના દાખલ કરતા પાછળથી ફેરવિચારણા કરીને નામંજૂર કરવામાં આવી હતી.

ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬)

૧૫. ગુજરાત વિધાન સભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરતી કુલ ૨૬ સૂચનાઓ આવી હતી. તેમાંથી ૨૪ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. બાકીની ૨ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. આ બન્ને સૂચનાઓ સંબંધે સંબંધિત મંત્રીશ્રીઓએ ગૃહમાં નિવેદન કર્યા હતા. (જુઓ પત્રક ક્રમાંક ૧૩)

તદ ઉપરાંત માન. અધ્યક્ષશ્રીની પરવાનગી લઈને ડીસાના સરકારી દવાખાનામાં પોલીસનું આણછાજતુ વર્તન અને ઈકબાલ ગઢ ખાતેની સ્ટેટ બેન્ક ઉપર પાડેલ ધાડ અંગેના બે કિસ્સાઓમાં સભ્યશ્રીઓએ સભાગૃહમાં ગૃહમંત્રીશ્રીનું ધ્યાન દોરતા તેમણે ૨ મૌખિક નિવેદનો કર્યા હતા.

બિન-સરકારી વિધેયકો

૧૬. દાખલ કરવાનુ બિનસરકારી વિધેયક :— સત્ર દરમિયાન શ્રી શાંતિલાલ પી. પટેલનુ સન ૧૯૮૨નું ગુજરાત જાહેર ગ્રંથાલય વિધેયક દાખલ કરવામાં આવ્યું હતું. (જુઓ પત્રક ક્રમાંક-૧૪)

૧૭. પહેલા,બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન સરકારી વિધેયકો :— છઠ્ઠી ગુજરાતવિધાન-સભાના અગાઉના સત્રોંના ૫૪ બિન-સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાનાં હતાં. તે પૈકી ૧ વિધેયક, પહેલા, વાંચન પરની ચર્ચાને અંતે સભાગૃહની પરવાનગીથી પાછું ખેંચી લેવામાં આવ્યું હતું.અને ૨ વિધેયકોના પહેલાં વાંચનના પ્રસ્તાવો નામંજૂર કરવામાં આવ્યા હતા. (જૂઓ પત્રક ક્રમાંક -૧૫) સત્ર દરમિયાન ૧ વિધેયક દાખલ કરવામાં આવ્યું હોવાથી સત્રાંતે પર વિધેયકો બાકી રહયાં હતાં (જુઓ પત્રક ક્રમાંક ૧૬)

૧૮. ઔચિત્યભંગનો પ્રશ્ન તા. ૩૧/૧૨/૧૯૮૨ના રોજ સભ્યશ્રી અશોક ભટ્ટે ગૃહમાં ઔચિત્યભંગનો મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવ્યું હતું કે વડોદરાથી પ્રગટ થતા સામાયિક "નયા માર્ગના તા. ૧૬/૧૨/૮૨ના અંકમા "શાંતિનાથ સિલ્ક મિલનો અહેવાલ જાહેર કરો, પગલાં ભરો" એ શીર્ષક હેઠળ જે લેખ પ્રસિધ્ધ થયો છે તેમાં સુરતની શાંતિનાથ સિલ્ક મિલની દુર્ઘટના અંગે નિમાયેલા રાણે પંચના અહેવાલની સંપૂર્ણ વિગતો પ્રસિધ્ધ થઈ છે.રાણે પંચનો આ અહે-વાલ હજુ સુધી સભાગૃહમાં મેજ ઉપર મૂકાયો નથી તે પહેલાં તેની વિગતો પ્રસિધ્ધ થવાની ગૃહના ઔચિત્યનો ભંગ થયો છે. આ મુદ્દાના સમર્થનમાં સભ્યશ્રીએ લોકસભામાં તા. ૨૨-૮-૫૫ના રોજ બેંક એવોર્ડ કમિશનના અહેવાલની વિગતોની પ્રસિધ્ધિ બાબતમાં ઉપસ્થિત કરવામાં આવેલા વિશેષાધિકાર ભંગ ના પ્રશ્ન સંબંધમાં લોકસભાના અધ્યક્ષશ્રીએ કરેલ અવલોકન અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રીના ૧૯૬૦થી ૭૧ના નિર્ણયોના પુસ્તકના પાના-૭ ઉપર ના નિર્ણયોનો હવાલો આપી સભ્યશ્રીએ જણાવ્યું હતું કે પ્રસ્તુત કેસમાં પણ રાણે પંચના અહેવાલ ની વિગતો પ્રથમ સભાગૃહને આપવાને બદલે પ્રેસ સમક્ષ ગઈ છે અને તેથી ગૃહના ઔચિ-ત્યનો ભંગ થયો છે.

ઉપર્યુકત મુદ્દાના સંબંધમાં મા. શ્રમ મંત્રીશ્રી સનત મહેતાએ સભાગૃહમાં ખુલાસો કરતાં જણાવ્યુ હતું કે, સભ્યશ્રી અશોક ભટ્ટે રાણે પંચની સંપૂર્ણ વિગતો પ્રસિધ્ધ થઈ છે તેવું જે જણાવ્યુ છે તે બારાબર નથી. હકીકતમાં આ અહેવાલ ઘણો મોટો છે. જે વિગતો પ્રસિધ્ધ થઈ છે તે સંપૂર્ણ અહેવાલ નથી. વધુમાં મા. શ્રમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે નયામાર્ગમાં પ્રસિધ્ધ થયેલી વિગતો જનસત્તા દૈનિકમાં પણ અગાઉ પ્રસિધ્ધ થઈ ચૂકી હતી. નયા માર્ગતો ફકત તે વિગતોને ફરી છાપી છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે આ અહે-વાલ એક કરતા વધુ ખાતાઓ સાથે સંબંધ ધરાવતો હોવાથી અધિકારીઓની કમિટિ

મારફ તે પાસા ઈ રહયો છે, જ્યાં સુધી સરકારને લાગેવળગે છે ત્યાં સુધી સચિવાલયના કોઈ અધિકારીની કક્ષાએથી આ અહેવાલની વિગતો ફૂટી જવાનો કોઈ સંભવ નથી તેમ છતાં તેઓ આ અહેવાલ કેવી રીતે અખબાર પાસે ગયો તેની સંપૂર્ણ તપાસ કરાવશે અને તપાસનો અહેવાલ સભાગૃહ સમક્ષ રજ કરશે.

મા. અધ્યક્ષશ્રીએ આ બાબતમાં નિર્ણય આપતાં જણાવ્યું હતું કે આમાં વિશેષાધિકારનો ભંગ નહીં થાય. પરતું જે કાંઈ થયું છે તે વ્યાજબી નથી થયું હવે જ્યારે મા. મંત્રીશ્રીએ અહેવાલની વિગતો પ્રેસ સમક્ષ કેવી રીતે ગઈ તેની સંપૂર્ણ તપાસની ખાતરી આપી છે. તેમજ તપાસનો અહેવાલ ગૃહ સમક્ષ રજૂ કરવાના છે. એટલે આ બાબતમાં હાલને તબક્કે કાંઈ કરવાપણું રહેતું નથી.

વિશેષાધિકારભંગનો પ્રશ્ન.

૧૯. સત્ર દરમિયાન વિશેષાધિકારભંગનો પ્રશ્નની એક સૂચના મળી હતી પરંતુ આ સૂચના ઉપર નિર્ણય લેવાય તે પહેલાં સૂચના આપનાર સભ્યશ્રીએ તે પાછી ખેંચી લીધી હતી.

વિધાનસભાની જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી /નિમણુંકો

૨૦, સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિના પ્રમુખની નિમણુંક તા. ૨૭/૧૨/૮૨ ના રોજ શ્રી વાડીલાલ કામદારે સમિતિના પ્રમુખ પદેથી રાજીનામુ આપતાં માન. અધ્યક્ષશ્રીએ તા. ૩૦-૧૨-૮૨ ના રોજ સભ્યશ્રી દિનકરભાઈ દેસાઈની પ્રમુખ તરીકે નિમણૂંક કરી છે.

સમિતિઓની બેઠકો

૨૧. સત્ર દરમિયાન નીચે જણાવેલી સમિતિઓની બેઠકો મળી હતી.

અનુક્રમાંક	સમિતિનું નામ	બેઠકની તારીખ
૧.	કામકાજ સલાહકાર સમિતિ ...	... ૨૭-૧૨-૧૯૮૨
૨.	બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ	... ૨૭-૧૨-૧૯૮૨
૩.	અંદાજ સમિતિ ...	... ૩-૧-૧૯૮૩
૪.	જાહેર સાહસો માટેની સમિતિ ...	૩૦-૧૨-૧૯૮૨
૫.	અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ	... ૩૦-૧૨-૧૯૮૨
૬.	સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિ ...	... ૨૮-૧૨-૧૯૮૨
૭.	સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ	૨૮-૧૨-૧૯૮૨

વિધાનસભામાં રજૂ થયેલા/ચર્ચાયેલા ગૃહની સમિતિઓના અહેવાલો

૨૨ સત્ર દરમિયાન નીચે જણાવેલા અહેવાલો સભાગૃહમાં રજૂ થયા હતા/ચર્ચાયા હતા:

અનુક્રમાંક ૧	અહેવાલ ૨	રજૂ થયા તારીખ ૩	ચર્ચાયા તારીખ ૪
૧.	કામકાજ સલાહકાર સમિતિ પચ્ચીસમો અહેવાલ.	૨૮-૧૨-૮૨	૨૮-૧૨-૮૨
૨.	બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ પચ્ચીસમો અહેવાલ.	૨૮-૧૨-૮૨	૨૮-૧૨-૮૨
૩.	જાહેર હિસાબ સમિતિ બીજો અહેવાલ	૩-૧-૧૯૮૩	...
૪.	અંદાજ સમિતિ.		
	૧. વીસમો અહેવાલ	૨૮-૧૨-૮૨	...
	૨. એકવીસમો અહેવાલ	૨૮-૧૨-૮૨	...
	૩. બાવીસમો અહેવાલ.	૨૮-૧૨-૮૨	...
	૪. ત્રેવીસમો અહેવાલ	૨૮-૧૨-૮૨	...
	૫. ચોવીસમો અહેવાલ.	૨૮-૧૨-૮૨	...
૫.	જાહેર સાહસો માટેની સમિતિ.		
	૧. ચૌદમો અહેવાલ.	૩૦-૧૨-૮૨	...
	૨. પંદરમો અહેવાલ.	૩-૧-૧૯૮૩	...
૬.	અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ		
	૧. ચોથો અહેવાલ.	૩-૧-૧૯૮૩	...
	૨. પાંચમો અહેવાલ.	૩-૧-૧૯૮૩	...
૭.	સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ ચોથો અહેવાલ.	૨૮-૧૨-૧૯૮૩	...
૮.	ગૌણ વિધાન સમિતિ. પહેલો અહેવાલ	૩૦-૧૨-૧૯૮૨	...
૯.	સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ. પાંચમો અહેવાલ.	૩૧-૧૨-૮૨	૩૧-૧૨-૮૨
૧૦.	સન ૧૯૮૨ના વિધેયક ક્રમાંક-૫૧-સન ૧૯૮૨ના ગુજરાત રાજ માર્ગવિધેયક ઉપરની પ્રવર સમિતિનો અહેવાલ.	૨૮-૧૨-૮૨	...

વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો

૨૩. સત્ર દરમિયાન નીચે જણાવેલા કાગળો (અધિસૂચનાઓ સિવાય) વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા.

અ. નં.	વિગત.	મેજ ઉપર મૂકયા તારીખ.
૧	૨	૩
૧.	સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંયધરી અધિનિયમ અન્વયે :—	
(૧)	સન ૧૯૮૧-૮૨ના નાણાકીય વર્ષ દરમિયાન રાજ્ય સરકારે જુદી જૂદી સંસ્થાઓને આપેલ બાંયધરીની વિગત દર્શાવતું પત્રક.	૨૮-૧૨-૮૨
(૨)	જુદી જૂદી સંસ્થાઓને રાજ્ય સરકારે આપેલ બાંયધરીને કારણે સને ૧૯૮૧-૮૨ના નાણાકીય વર્ષ દરમિયાન રાજ્યના એકત્રિત ભંડોળમાંથી સરકારે કરેલ ચુકવણીની વિગત દર્શાવતું પત્રક.	૨૮-૧૨-૮૨
(૩)	આવી સંસ્થાઓને ૧૯૮૧-૮૨ના વર્ષ દરમિયાન ભરપાઈ કરેલી રકમની વિગત દર્શાવતું પત્રક.	૨૮-૧૨-૮૨
૨.	ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૧૯૮૧-૮૨નો વાર્ષિક અહેવાલ.	૨૮-૧૨-૮૨
૩.	ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોરપોરેશન લિમિટેડનો સન૧૯૮૦-૮૧નો વાર્ષિક અહેવાલ અને હિસાબ, કોરપોરેશનના વાર્ષિક હિસાબો ઉપર વૈદ્યાનિક ઓડિટરોના અહેવાલ તેમજ તે અંગે ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટીકાઓ.	૨૮-૧૨-૮૨
૪.	ગુજરાત ડેરી વિકાસ નિગમના સન ૧૯૭૫-૭૬, ૧૯૭૬-૭૭, ૧૯૭૭-૭૮ અને ૧૯૭૮-૭૯ના વાર્ષિક અહેવાલો તેની સાથેના વૈદ્યાનિક ઓડિટરોના અહેવાલો તેમજ તે અંગે ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટીકાઓ.	૩૦-૧૨-૮૨
૫.	ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૧૯૮૦-૮૧ ના વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ	૩૦-૧૨-૮૨
૬.	ગુજરાત કામદાર કલ્યાણ બોર્ડનો સન ૧૯૭૯-૮૦નો વાર્ષિક અહેવાલ.	૩૦-૧૨-૮૨
૭.	ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૧૯૭૯-૮૦ના વર્ષનો ઓડિટ રિપોર્ટ.	૩૦-૧૨-૮૨

૧	૨	૩
૮.	ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૧૯૮૦-૮૧નો વાર્ષિક અહેવાલ.	૩૧-૧૨-૮૨
૯.	ગુજરાત રાજ્ય નિકાસ નિગમનો સન ૧૯૮૦-૮૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો અને તે ઉપરના વૈદ્યાનિક ઓડિટરોના અહેવાલ તેમજ તે ઉપરની ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટરજનરલની ટીકાઓ.	૩૧-૧૨-૮૨
૧૦.	ગુજારત રાજ્ય ગ્રામ વિકાસ નિગમના સન ૧૯૭૭-૭૮ અને સન ૧૯૭૮-૭૯ના અહેવાલો, હિસાબો અને તે ઉપરના વૈદ્યાનિક ઓડિટરોના અહેવાલો તેમજ તે ઉપરની ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટીકાઓ.	૩૧-૧૨-૮૨
૧૧.	ગુજરાત વિધુત બોર્ડનું સન ૧૯૮૦-૮૧નું વાર્ષિક હિસાબીપત્રક	૩-૧-૮૩
૧૨.	ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૧૯૮૦-૮૧નો વાર્ષિક વહીવટી અહેવાલ.	૩-૧-૮૩
૧૩.	ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમીટેડનો સન ૧૯૮૦-૮૧નો વાર્ષિક અહેવાલ.	૩-૧-૮૩
૧૪.	માનનીય માજી નાયબ ગૃહમંત્રીશ્રી કિરીટસિહ ગોહિલ સામે ભાવનગરના શ્રી આત્મારામ ભટ્ટે કરેલ આક્ષેપો બાબતમાં ભૂતપૂર્વ તકેદારી આયુકતશ્રી ન. દો. બુચ તપાસ પંચનો અહેવાલ.	૩-૧-૮૩

વિધાનસભાના પક્ષોમાં થયેલા ફેરફારોની તારીખવાર માહિતી

૨૪. સત્ર દરમિયાન વિધાનસભાના પક્ષોમાં થયેલ ફેરફારની તારીખવાર માહિતી પત્રક ક્રમાંક ૧૭માં આપવામાં આવી છે.

સત્ર દરમિયાન ખરેખર થયેલા કામ પ્રમાણેની તારીખવાર યાદી

૨૫ સત્ર દરમિયાન જુદા જુદા કામ ખરેખર કઈ તારીખે હાથ પર લેવાયાં તેની આખરી યાદી પત્રક ક્રમાંક ૧૮માં આપવામાં આવી છે.

રોજરોજના કામકાજનો સારાંશ

૨૬. સત્ર દરમિયાન વિધાનસભાએ રોજેરોજ કરેલ કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક-૧૯માં આપવામાં આવ્યો છે.

વિધાનસભાની ચર્ચાઓમાં જુ.દા જુદા સભ્યોનો ફાળો

૨૭ સત્ર દરમિયાન જુદા જુદા કામમાં સભ્યોએ કેટલી વખત ભાગ લીધો તે પત્રક ક્રમાંક ૨૦માં આપવામાં આવ્યો છે.

શોકદર્શક ઉલ્લેખ

૨૮ સત્ર દરમિયાન ૬ શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા. જેમાં આચાર્ય શ્રી વિનોબા ભાવે, ચાલુ ગુજરાત વિધાનસભાના બે સભ્યશ્રીઓ (તે પૈકી એક મંત્રીશ્રી) અને ૩ ગુજરાત વિધાનસભાના માજી સભ્યશ્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતા, (જુઓ પત્રક ક્રમાંક -૨૧)

સભાત્યાગ

૨૯. શ્રી ચીમનભાઈ પટેલે વાવાઝોડાના પ્રશ્નની ચર્ચા અંગે ગૃહની બેઠક એક દિવસ વધારવા બાબતનું સૂચન કર્યું. ત્યારપછી તેના પર ચર્ચા થઈ જેમાં સરકાર પક્ષે ઉકત સૂચન બાબતમાં અસંમતિ દર્શાવી. ચર્ચા, બાદ, વિરોધપક્ષના નેતાશ્રીએ જણાવ્યું કે જો સરકાર તે ચર્ચા માટે એક દિવસ વધુ આપવા ન માગતી હોય તો વિરોધપક્ષો તે પ્રશ્ને સભાત્યાગ કરવા માગે છે અને ત્યારપછી વિરોધપક્ષના બધા સભ્યો સભાત્યાગ કરી ગયા.

વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલા પ્રક્ષકો

૩૦ સત્ર દરમિયાન નીચે જણાવ્યા મુજબના પ્રેક્ષકો વિધાનસભાની કાર્યવાહી જોવા આવ્યા હતા.

(૧) પ્રેક્ષક દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો	૪૨૫૦
(૨) ૫૦ શૈક્ષણિક, સામાજીક સંસ્થા અને શાળામાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રક્ષકો.	૩૫૦૦
(૩) અધ્યક્ષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો.	૧૬૦૦
(૪) અતિથિ વિશેષ દીર્ઘામાં આવેલા મહેમાનો.	૧૦૦૦
(૫) નામદાર રાજ્યપાલશ્રીની દીર્ઘામાં આવેલા મહેમાનોની સંખ્યા	...
કુલ.	૧૦૩૫૦

પત્રક ક્રમાંક-૧

(જુઓ ફકરા ક્રમાંક -૧)

સત્રમાં થયેલા જુદા જુદા કામકાજે લીધેલ સમય અને તેની ટકાવારી.

નંબર	કામકાજ	કામકાજમાં લીધેલ સમય	ટકાવારી
		ક. મિ.	
૧.	પ્રશ્નોત્તરી	૪--૦૦	૧૭.૦૦
૨.	વિધેયકો		
	(અ) સરકારી	૦--૦૫	૦.૩૫
	(બ) બિન સરકારી	૨--૦૦	૮.૫૦
૩.	અંદાજપત્ર પર ચર્ચા.	...	...
૪.	પ્રસ્તાવો		
	(અ) સભા-મોકૂફીના પ્રસ્તાવો.	...	...
	(બ) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો.	૮--૩૧	૩૬.૦૦
	(ક) બીજા પ્રસ્તાવો સરકારી તેમજ બિનસરકારી સભ્યોના તેમજ બીજા પ્રસ્તાવો સહિત :	૫--૨૫	૨૪.૨૦
૫.	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા.	...	...
૬.	બિનસરકારી સંકલ્પો	...	...
૭.	વૈદ્યાનિક મંડળોના કામકાજ પર ચર્ચા.	...	...
૮.	વિધાનસભાની સમિતિઓનાં અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા.	૦--૦૫	૦.૩૫
૯.	અન્ય બાબતો.	૩--૧૦	૧૩.૬૦
		૨૩--૧૬	૧૦૦.૦૦

પત્રક ક્રમાંક-૨

(જુઓ ફકરા ક્રમાંક-૨)

ગૃહની બેઠકોની તારીખ અને સમય

કામકાજના દિવસો : ૫ સભાગૃહના બેઠકો : ૫

વાર/તારીખ	બેઠક શરૂ થવાનો અને પૂરો થવાનો સમય	વિરામ	બેઠકનો ખરેખર સમય
૧	૨	૩	૪
		ક. મિ.	ક. મિ.
સોમવાર, તા. ૨૭મી ડિસેમ્બર, ૧૯૮૨	૧૨-૦૦ થી ૧--૪૪	...	૧--૪૪
મંગળવાર, તા. ૨૮મી ડિસેમ્બર, ૧૯૮૨	૧૨-૦૦ થી ૫--૪૩	૦--૪૫	૪--૫૮
ગુરુવાર, તા. ૩૦મી ડિસેમ્બર, ૧૯૮૨	૧૨-૦૦થી ૬-૪૬	૦--૪૫	૬--૦૧
શુક્રવાર, તા. ૩૧મી ડિસેમ્બર, ૧૯૮૨	૮-૩૦ થી ૧--૦૩	૦--૩૦	૪--૩૩
સોમવાર, તા. ૩જી જાન્યુઆરી, ૧૯૮૩	૧૨--૦૦થી ૬--૪૫	૦--૪૫	૬--૦૦
			૨૩--૧૬

પત્રક ક્રમાંક ૬૩

(જુઓ ફકરા ક્રમાંક ૩)

સભ્યોએ વ્યકિતગત રીતે આપેલ હાજરી (સભ્યોનું હાજરી પત્રક)

ક્રમાંક	સભ્યનું નામ	કુલ હાજરી
૧	૨	૩
૧	શ્રી ખરાશંકર વિઠ્ઠલદાસ જોશી.	૩
૨	શ્રી જયકુમાર ચુનીલાલ સંઘવી.	૫
૩	શ્રી મોહનલાલ નેમચંદ શાહ.	૩
૪	શ્રી વીરજી ભીમજી દાફડા.	૫
૫	શ્રી ખીમજીભાઈ જેસંગભાઈ.	૨
૬	શ્રી બાબુભાઈ મેઘજીભાઈ શાહ.	૩
૭	કુમારી શાંતાબેન ખીમજીભાઈ ચાવડા.	૫
૮	શ્રી અરવિંદકુમાર પ્રાણજીવનભાઈ આચાર્ય	૫
૯	શ્રી જીતુભા કેસરીસિંહ રાણા.	૫
૧૦	શ્રી કરમશીભાઈ કાનજીભાઈ મકવાણા	૫
૧૧	શ્રી જીવુભા ઘેલુભા ઝાલા.	૫
૧૨	શ્રી નગીનદાસ માણેકચંદ શાહ.	૫
૧૩	શ્રી જીવરાજ થોભણભાઈ સરડવા.	૫
૧૪	શ્રી વલ્લભભાઈ ચોપટલાલ પટેલ.	૩

૧	૨	૩
૧૫	શ્રી મંઝૂર હુસેન અબ્દુલમુતલીબ પીરઝાદા	૫
૧૬	શ્રી. મામૈયાભાઈ હરિભાઈ ડાભી	૫
૧૭	શ્રી મનોહરસિંહજી પ્રદ્યુમનસિંહજી જાડેજા.	મા. મંત્રીશ્રી.
૧૮	શ્રી મણીલાલ રૂગનાથભાઈ રાણપરા	૫
૧૯	શ્રી ભાનુભાઈ ગીગાભાઈ વાઘેલા.	૪
૨૦	શ્રી કેશુભાઈ સવદાસભાઈ પટેલ.	૫
૨૧	શ્રી જમનાદાસ સામજીભાઈ વેકરીયા.	૫
૨૨	શ્રી રમણીકભાઈ ધામી.	૫
૨૩	શ્રી બળવંતરાય બચુલાલ મનવર	મા. મંત્રીશ્રી.
૨૪	શ્રી ડાહ્યાભાઈ દેવશીભાઈ ભીમાણી.	૫
૨૫	શ્રી મોહંમદહુસેન કરીમભાઈ બલોચ,	મા. મંત્રીશ્રી
૨૬	શ્રી ભાણજી કમાભાઈ પરમાર.	૨
૨૭	શ્રી કેશુભાઈ કાળાભાઈ ઠેસીઆ	૩
૨૮	શ્રી ચીમનભાઈ જીવાભાઈ પટેલ.	૪
૨૯	શ્રી ભીમસી કેશુર કરંગીયા.	૫
૩૦	શ્રી હેમતભાઈ રામભાઈ માડમ.	૨
૩૧	કુમારી લીલાબેન ગૌરીશંકર ત્રિવેદી.	૦
૩૨	શ્રી શશીકાન્તભાઈ આણંદલાલ લાખાણી	૪

૧	૨	૩
૩૩	શ્રી વિજયદાસજી વિરદાસજી મહંત	મા.મંત્રીશ્રી
૩૪	શ્રી સુકાભાઈ રામાભાઈ આંત્રોલિયા	૫
૩૫	શ્રી મુળજીભાઈ કાળીદાસ હુડકા	૫
૩૬	શ્રી દેવજીભાઈ ભીખાભાઈ વાણવી.	મા.મંત્રીશ્રી
૩૭	શ્રી કાળાભાઈ રણગલભાઈ ઝાલા.	૪
૩૮	શ્રી રૂડાભાઈ દેવશીભાઈ વાઢેર.	૫
૩૯	શ્રી ઉકાભાઈ સીદીભાઈ ઝાલા	૫
૪૦	શ્રી ધીરજલાલ ફૂલાભાઈ રીબડીઆ.	૫
૪૧	શ્રી હમીરજી હઠીસિંહ રાયજાદા	૪
૪૨	શ્રી ગોરધનભાઈ ગોકળભાઈ પટેલ	૫
૪૩	શ્રી બેચરભાઈ માધાભાઈ પલસાણા	૫
૪૪	શ્રી ખોડીદાસ દુર્લભજી ઠક્કર	૫
૪૫	શ્રી દ્વારકાદાસ મોહનલાલ પટેલ	૫
૪૬	શ્રી મનુભાઈ નારણભાઈ કોટડીયા	૪
૪૭	શ્રી અરસીભાઈ કાનાભાઈ કામળીયા	૫
૪૮	શ્રી પ્રતાપભાઈ સુરગભાઈ વરુ	૫
૪૯	શ્રી હાથીભાઈ છેલભાઈ ખાચર	૩
૫૦	શ્રી બચુભાઈ ભીખાભાઈ ગોહેલ	૫

૧	૨	૩
૫૧	શ્રી નટુભાઈ ભીખાભાઈ ડાભી	૪
૫૨	શ્રી દલસુખભાઈ જેરામભાઈ ગોધાણી	વિરોધ પક્ષના નેતાશ્રી
૫૩	શ્રી રામજીભાઈ વલ્લભભાઈ દેસાઈ	૫
૫૪	શ્રી વ્રજલાલ દુર્લભજી જાની	૫
૫૫	શ્રી ધનજીભાઈ હીરાભાઈ બાલધીયા	૪
૫૬	શ્રી કિરિટસિંહ અનોપસિંહ ગોહીલ	૪
૫૭	શ્રી રસિકલાલ નાથાલાલ શાહ	૫
૫૮	શ્રી ત્રંબકલાલ મૂળજીભાઈ પટેલ	૫
૫૯	શ્રી નટવરલાલ ચંદુલાલ શાહ	મા. અધ્યક્ષશ્રી
૬૦	શ્રી પરષોત્તમ રવજીભાઈ પટેલ	મા. મંત્રીશ્રી
૬૧	શ્રી ધુળાભાઈ દલાભાઈ ગોહેલ	૫
૬૨	શ્રી ભાઈલાલ અંબાલાલ પટેલ	૫
૬૩	શ્રી દાઉદભાઈ મીયાંભાઈ પટેલ	૪
૬૪	શ્રી હરિશંકર પંડયા	૫
૬૫	શ્રી ફત્તેસિંહ સોઢા	૫
૬૬	શ્રી ખુમાનસિંહ ગંભીરસિંહ રાઠોડ	૫
૬૭	શ્રીમતી કોકીલાબેન હરિપ્રસાદ વ્યાસ	મા. મંત્રીશ્રી
૬૮	શ્રી બાબુભાઈ કેશવલાલ વાસણવાળા	૫

૧	૨	૩
૬૯	શ્રી સુરેન્દ્રકુમાર એન. રાજપૂત	૫
૭૦	શ્રી વાડીલાલ રતિલાલ કામદાર	૫
૭૧	શ્રી મોહમદહુસેન બારેજિયા	૫
૭૨	શ્રી લક્ષ્મણભાઈ કાળીદાસ પટ્ટણી	૪
૭૩	શ્રી પ્રબોધભાઈ રાવળ	મા. મંત્રીશ્રી
૭૪	શ્રી મનુભાઈ પરમાર	૫
૭૫	શ્રી અશોક ચંદુલાલ ભટ્ટ	૫
૭૬	શ્રી અબ્દુલરહીમ તાજુજી કુદીવાલા	૪
૭૭	શ્રી રામલાલ રૂપલાલ	૫
૭૮	શ્રી લેખરાજ બચાણી	૫
૭૯	શ્રી કાસમભાઈ બાપુ લીંબડીયા	૫
૮૦	શ્રી શંકરજી કાળાજી ઠાકોર	૫
૮૧	શ્રી કરથનજી મગનજી ઠાકોર	૫
૮૨	શ્રી હરિભાઈ ખુશાલભાઈ પરમાર	૫
૮૩	શ્રીમતી રૂપકુંવરબા ઝાલા	૫
૮૪	શ્રી ઈશ્વરસિંહ શિવાજી ચાવડા	૫
૮૫	ડૉ. અમરતભાઈ કાળીદાસ પટેલ	૫
૮૬	શ્રી ગંગારામભાઈ ભાઈચંદદાસ પટેલ	૫

૧	૨	૩
૮૭	શ્રી મોહનભાઈ નાથુભાઈ દેસાઈ	૩
૮૮	શ્રી કાનજીભાઈ લલ્લુભાઈ પટેલ	૫
૮૯	શ્રી શરીફભાઈ વલીભાઈ બટ્ટી	૫
૯૦	શ્રી કેશાજી શંકરજી ઠાકોર	૫
૯૧	શ્રી ડાહ્યાભાઈ પીતાંબરદાસ પટેલ	૫
૯૨	શ્રી અરવિંદભાઈ ત્રિભોવનદાસ પટેલ	૫
૯૩	શ્રી વીરાજી નવાજી ઠાકોર	૫
૯૪	શ્રી ખોડીદાન ભીમજી ઝુલા	મા. મંત્રીશ્રી
૯૫	શ્રી હેમાભાઈ દરધાભાઈ પરમાર	૩
૯૬	શ્રી કાળુભાઈ વીરાભાઈ તારક	૪
૯૭	શ્રી શાંતિલાલ છોટાલાલ ધાણધારા	૫
૯૮	શ્રી મોહનભાઈ વીરાભાઈ દેસાઈ	૫
૯૯	શ્રી જેઈતાભાઈ કસનાભાઈ પટેલ	૫
૧૦૦	શ્રી અમૃતલાલ કાળીદાસ પટેલ	૩
૧૦૧	શ્રી દોલતભાઈ ચેલાશમ પરમાર	૫
૧૦૨	શ્રી હરિસિંહ પ્રતાપસિંહ ચાવડા	૫
૧૦૩	શ્રી જગદીશચંદ્રજી દોલજીભાઈ ડામોર	૪
૧૦૪	શ્રી લલીતભાઈ ડી. પરમાર	મા. મંત્રીશ્રી

૧	૨	૩
૧૦૫	શ્રી મનુભાઈ અંબાશંકર ત્રિવેદી	૫
૧૦૬	શ્રી નાથાભાઈ દેવજીભાઈ પટેલ	૫
૧૦૭	શ્રી મગનભાઈ મણીભાઈ પટેલ	૫
૧૦૮	શ્રી અંબાલાલ જયશંકર ઉપાધ્યાય	૨
૧૦૯	શ્રી રામસિંહ રુપસિંહ સોલંકી	૧
૧૧૦	શ્રી ગુણવંતલાલ મણીલાલ પંડ્યા	૫
૧૧૧	શ્રી જીવાભાઈ મોતીભાઈ ડામોર	૫
૧૧૨	શ્રી વીરજીભાઈ લીંબાભાઈ મુનીયા	૫
૧૧૩	શ્રી માલસિંહ ફતાભાઈ ડામોર	૫
૧૧૪	શ્રી લલીતકુમાર ભગવાનદાસ પટેલ	મા. મંત્રીશ્રી
૧૧૫	શ્રી વીરસિંહ ભુલાભાઈ પસાયા	૫
૧૧૬	શ્રી રમણભાઈ પટેલ	૫
૧૧૭	શ્રી શાંતિલાલ પરસોત્તમભાઈ પટેલ	૫
૧૧૮	શ્રી ઉદેસિંહ મોહનભાઈ બારીયા	૫
૧૧૯	શ્રી પ્રભાતસિંહ પ્રતાપસિંહ ચૌહાણ	૫
૧૨૦	શ્રી અબ્દુલરહિમ ઈસ્માઈલ ખાલપા	૦
૧૨૧	શ્રી ફતેસિંહ ધમીરસિંહ પરમાર	૫
૧૨૨	શ્રી ધિરેન્દ્રસિંહજી વિરભદ્રસિંહજી સોલંકી	૦

૧	૨	૩
૧૨૩	શ્રી બદિયાભાઈ મુળજીભાઈ ગોંદિયા	૫
૧૨૪	શ્રી છત્રસિંહ અમરસિંહજી સોલંકી	૫
૧૨૫	શ્રી બુધાજી જીતાજી ચૌહાણ	૫
૧૨૬	શ્રી યાસિનમીંયા યુસુફમીંયા મલેક	૪
૧૨૭	શ્રી હરિહરભાઈ ઉમિયાશંકર ખંભોળજા	મા. મંત્રીશ્રી
૧૨૮	શ્રી મગનભાઈ ગોકળભાઈ ઝાલા	૫
૧૨૯	શ્રી બંસીલાલ બાપાલાલ પંડયા	૫
૧૩૦	શ્રી બળવંતસિંહ સુધનસિંહ સોઢા	૫
૧૩૧	શ્રી દિનશા ઝવેરભાઈ પટેલ	૫
૧૩૨	શ્રી અમરસિંહજી ભૂપતસિંહજી વઘેલા	૫
૧૩૩	શ્રી રણછોડભાઈ શનાભાઈ સોલંકી	૫
૧૩૪	શ્રી ગોવિંદભાઈ જેસિંગભાઈ પટેલ	૪
૧૩૫	શ્રી ગોવિંદભાઈ શંકરભાઈ ચૌહાણ	૫
૧૩૬	શ્રીમતી શાન્તાબેન યોગેન્દ્રકુમાર મકવાણા	૪
૧૩૭	શ્રી પરસોત્તમભાઈ ચતુરભાઈ પટેલ	૫
૧૩૮	શ્રી ઉમેદભાઈ ફત્તેસિંહ ગોહેલ	૫
૧૩૯	શ્રી માધવસિંહ ફુલસિંહ સોલંકી	મા. મુખ્યમંત્રીશ્રી
૧૪૦	શ્રી વિજયસિંહજી લઘુભા ચુડાસમા	૪

૧	૨	૩
૧૪૧	શ્રી કરશનભાઈ બોડાભાઈ રાઠવા	૫
૧૪૨	શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા	૫
૧૪૩	શ્રી મેઘાભાઈ જગાભાઈ ભીલ	૫
૧૪૪	શ્રી ભઈજીભાઈ ભાણાભાઈ તડવી	૫
૧૪૫	શ્રી ઉમાકાંત રતનલાલ જોષી	૫
૧૪૬	શ્રી પ્રભાતસિંહ જોરસિંહ પરમાર	૫
૧૪૭	શ્રી મકરંદભાઈ બળવંતરાય દેસાઈ	૪
૧૪૮	ડો. શિરિષકુમાર મનુભાઈ પુરોહિત	૫
૧૪૯	શ્રી ચંદ્રકાન્ત નંદલાલ પટેલ	માન મંત્રીશ્રી
૧૫૦	શ્રી સનતકુમાર મગનલાલ મહેતા	મા. મંત્રીશ્રી
૧૫૧	શ્રી મહેન્દ્રસિંહ તખતસિંહ ચૌહાંણ	૫
૧૫૨	શ્રી જીતુભાઈ સોમાભાઈ પરમાર	૫
૧૫૩	શ્રી હરગોવિંદદાસ ખુશાલદાસ નાગર	૫
૧૫૪	શ્રી મગનભાઈ ભુખણભાઈ સોલંકી	મા. મંત્રીશ્રી
૧૫૫	શ્રી પ્રભાતસિંહ બાવાભાઈ મકવાણા	૪
૧૫૬	શ્રી મહમદ ભાઈ હાફેજી ઈસ્માઈલ પટેલ	૨
૧૫૭	શ્રી નાથુભાઈ નરોત્તમભાઈ પટેલ	૫
૧૫૮	શ્રી રેવાદાસ લીમજીભાઈ વસાવા	૫

૧	૨	૩
૧૫૯	શ્રી રામજીભાઈ હીરાભાઈ વસાવા	૫
૧૬૦	શ્રી પ્રેમસિંગભાઈ દેવજીભાઈ વસાવા	૫
૧૬૧	શ્રી ગોવિંદભાઈ બારકીયાભાઈ વસાવા	૫
૧૬૨	શ્રી જેસંગભાઈ ડુંગરીયાભાઈ વસાવા	૫
૧૬૩	શ્રી વસનજીભાઈ ગનજીભાઈ ગામીત	૫
૧૬૪	શ્રી અમરસિંહ ભીલાભાઈ ચૌધરી	મા. મંત્રીશ્રી
૧૬૫	શ્રી ધનજીભાઈ કરશનભાઈ ઢોડિયા	૪
૧૬૬	શ્રી જીતુભાઈ છીતુભાઈ હળપતિ	૫
૧૬૭	શ્રી નારણભાઈ વનમાળીભાઈ રાઠોડ	૫
૧૬૮	શ્રી બાલુભાઈ દેવાભાઈ પટેલ	૫
૧૬૯	શ્રી કૃષ્ણવદન ધનસુખલાલ પચ્ચીગર	૫
૧૭૦	શ્રી જગ્નવંતસિંહ દાનસિંહ ચૌહાણ	૫
૧૭૧	શ્રી મોહંમદભાઈ સુરતી	મા. મંત્રીશ્રી
૧૭૨	શ્રીમતી ઉષાબેન બાબુભાઈ પટેલ	૫
૧૭૩	શ્રી વસંતભાઈ પરભુભાઈ પટેલ	૫
૧૭૪	શ્રી મોહનભાઈ રણછોડભાઈ તળાવીયા	૫
૧૭૫	શ્રી દીનકર ભીખુભાઈ દેસાઈ	૪
૧૭૬	શ્રી કાનજીભાઈ મગનભાઈ પટેલ	૫
૧૭૭	શ્રી ગોવિંદભાઈ માલુજીયાભાઈ પટેલ	૫
૧૭૮	શ્રી દોલતભાઈ નાથુભાઈ દેસાઈ	૫
૧૭૯	શ્રી શંકરભાઈ રવજીભાઈ પટેલ	૨
૧૮૦	શ્રી બરજુલભાઈ નવલાભાઈ પટેલ	૫
૧૮૧	શ્રી રમણભાઈ દેવાભાઈ પટેલ	૫
૧૮૨	શ્રી છોટુભાઈ વેસ્તાભાઈ પટેલ	૫

પત્રક ક્રમાંક-૪

(જુઓ ફકરા ક્રમાંક ૩)

સભ્યોની તારીખવાર હાજરી દર્શાવિતું પત્રક (મા. અધ્યક્ષશ્રી, મા. મંત્રીશ્રીઓ, તથા મા. વિરોધપક્ષના નેતાશ્રી સિવાય)

ક્રમાંક	તારીખ	હાજરી	ગેરહાજરી	કુલ
૧	૨	૩	૪	૫
૧	૨૭--૧૨--૮૨	૧૪૮	૧૪	૧૬૨
૨	૨૮--૧૨--૮૨	૧૪૭	૧૫	૧૬૨
૩	૩૦--૧૨--૮૨	૧૫૩	૯	૧૬૨
૪	૩૧--૧૨--૮૨	૧૪૭	૧૫	૧૬૨
૫	૩--૧--૮૩	૧૪૧	૨૧	૧૬૨

પત્રક ક્રમાંક-

(જુઓ ફકરા

ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત

પ્રશ્નનો પ્રકાર	મળેલ સૂચનાઓ	દાખલ કર્યા	દાખલ ન કર્યા	તારાંકિત પ્રશ્ન તરીકે દાખલ કર્યા	તારાંકિતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા
૧	૨	૩	૪	૫	૬
ટૂંકી મુદત	૨	૧	...	૧	...
તારાંકિત	૪૯૯	૧૯૭	૨૮૭	૧૯૭	૧૫
અતારાંકિત	૫૧૮	૨૨૮	૨૯૦	...	૧૫

૫

-ક્રમાંક-૪)

પ્રશ્નોનો નિકાલ (આંકડામાં)

સભ્યશ્રીએ પ્રશ્નો પાછા ખેંચી લીધા	છઠ્ઠા સત્ર દરમિયાન જવાબ ન આવવાથી ગૃહમાં રજૂ ન થઈ શકેલા અતારાંકિત પ્રશ્નો	ગૃહમાં જવાબ આપ્યા	નિયમ ૮૭ અ અન્વયે સભાગૃહના મેજ ઉપર મુક્યા	સત્ર સમાપ્તિના દિવસે જવાબન આવવાથી ગૃહમાં રજૂ ન થઈ શકેલા અતારાંકિત પ્રશ્નો
૭	૮	૯	૧૦	૧૧
...	...	...	...	...
...	...	૧૯૭	...	...
...	૭૮	૨૦૦	૫૪	૯

પત્રક ક્રમાંક—૬.

(જુઓ ફકરા ક્રમાંક. ૪)

ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

અ. નં.	વિભાગનું નામ	મળેલ સૂચનાઓ	દાખલ કર્યા	તારાંકિત પ્રશ્ન તરીકે દાખલ કર્યા	દાખલ ન કર્યા	મંત્રીશ્રી સંમત	મંત્રીશ્રી અસંમત	ગૃહમાં રજૂ થયા
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧	ઉદ્યોગ, ખાણ અને વીજળી	૧	...	૧	...	...	...	...
૨	સહકાર	૧	૧	...	...	...	૧	...
	કુલ ...	૨	૧	૧	...	...	૧	...

(જુઓ ફકરા ક્રમાંક. ૪)

તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

અ. નં.	વિભાગનું નામ	મળેલ સૂચનાઓ	તારાંકિત તરીકે દાખલ કર્યા	તારાકિતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા	દાખલ ન કર્યા	ગૃહમાં જવાબ આપ્યા
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	સામાન્ય વહીવટ	૧૧	૬	...	૫	૬
૨.	નાણાં — ...	૨૦	૧૧	૨	૭	૧૧
૩.	કાયદા	૨	૧	૧	...	૧
૪.	સિંચાઈ	૭૯	૧	...	૭૮	૧
૫.	મહેસૂલ	૩૬	૨૬	૫	૫	૨૬
૬.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ ...	૨૬	૭	૧	૧૮	૧૮
૭.	શિક્ષણ	૩૮	૨૭	...	૧૧	૨૭

૧	૨		૩	૪	૫	૬	૭
૮.	ગૃહ ...	...	૫૪	૩૧	૪	૧૯	૩૧
૯.	ઉદ્યોગ, ખાણ અને વીજળી ...	...	૩૯	૨૪	...	૧૫	૨૪
૧૦.	કૃષિ અને વન ...	...	૭૪	...	...	૭૪	...
૧૧.	અન્ન અને નાગરિક પુરવઠા	...	૨૫	૧૫	૧	૯	૧૫
૧૨.	આરોગ્ય અને પરિવાર કલ્યાણ	...	૩૮	૧૭	...	૨૧	૧૭
૧૩.	સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ	...	૨૦	૧૧	...	૯	૧૧
૧૪.	મકાનો અને માર્ગ વ્યવહાર	...	૨૯	૧૮	૧	૧૦	૧૮
૧૫.	શ્રમ અને રોજગાર ...	...	૫	૧	...	૪	૧
૧૬.	બંદરો અને મત્સ્યોદ્યોગ ...	...	૧	૧	...	...	૧
૧૭.	સહકાર ...	...	૨	...	...	૨	...
	કુલ	...	૪૯૯	૧૯૭	૧૫	૨૮૭	૧૯૭

પત્રક ક્રમાંક—૮

(જુઓ ફકરા ક્રમાંક—૪)

અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

આ. નં.	વિભાગનું નામ	મળેલ સૂચનાઓ	દાખલ કર્યા	તારાંકિત-માંથી અતારાં-કિત કર્યા	અગાઉના સત્ર દર-મિયાન દાખલ કરેલ પરંતુ ગયા સત્રમાં જવાબ ન મળવાથી રજૂ ન થયેલ	દાખલ ન કરેલા	ગૃહમાં જવાબ આપ્યા	નિયમ ૮૭-અ અન્વયે મેજ ઉપર મુકયા	સત્ર સમાપ્તિના દિવસે બાકી જવાબોની સંખ્યા
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧.	સામાન્ય વહીવટ	૨૧	૭	...	૫	૧૪	૧૦	૨	...
૨.	નાણાં	૧૩	૮	૨	૨	૫	૬	...	...
૩.	કાયદા	૧૯	૭	૧	૨	૧૨	૬	૧	...
૪.	સિંચાઈ	૨૨	૯	...	૨	૧૩	૧૦	...	૧
૫.	મહેસૂલ	૬૩	૩૩	૫	૧૨	૩૦	૧૫	૧૭	૧
૬.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	૩૩	૧૨	૧	૬	૨૧	૧૧	૩	૨

૧	૨		૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૭.	શિક્ષણ	...	૨૭	૧૧	...	૨	૧૬	૧૦	૨	...
૮.	ગૃહ ...	...	૯૭	૫૧	૪	૮	૪૬	૩૧	૧૩	૧
૯.	ઉદ્યોગ, ખાણ અને વીજળી		૩૯	૮	...	૧૦	૩૧	૧૫	૧	...
૧૦.	કૃષિ અને વન	...	૩૪	૧૯	...	૧૭	૧૫	૨૯	૫	૪
૧૧.	અન્ન અને નાગરિક પુરવઠા	...	૧૮	૧૦	૧	૩	૮	૯	૩	...
૧૨.	આરોગ્ય અને પરિવાર કલ્યાણ	...	૪૭	૧૫	...	૧	૩૨	૧૨	૨	...
૧૩.	સમાજ કલ્યાણ અને આદિ-જાતિ વિકાસ		૨૯	૧૦	...	૩	૧૯	૧૦	૨	...
૧૪.	મકાનો અને માર્ગ વ્યવહાર	...	૨૮	૧૨	૧	૪	૧૬	૧૪	૧	...
૧૫.	શ્રમ અને રોજગાર	...	૨૦	૧૦	...	૧	૧૦	૬	૨	...
૧૬.	બંદરો અને મત્સ્યોદ્યોગ	...	૩	૩	...	...	...	૫	...	...
૧૭.	સહકાર	...	૫	૩	...	...	૨	૧	...	...
	કુલ	...	૫૧૮	૨૨૮	૧૫	૭૮	૨૯૦	૨૦૦	૫૪	૯

પત્રક ક્રમાંક—૯

(જુઓ ફકરા ક્રમાંક—૬)

સરકારી વિધેયક

અ. નં.	વિધેયકનો નંબર અને ટૂંકી સંજ્ઞા	ગેઝેટમાં પ્રસિદ્ધ થયાની તારીખ	સરકારી વિભાગ	પ્રભારી મંત્રીશ્રી
૧	૨	૩	૪	૫
૧.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૮૮- સન ૧૯૮૨નું ગુજરાત આકસ્મિક ફંડ (કામચલાઉ વધારા) વિધેયક.	૨૪-૧૨-૮૨	નાણા	માનનીય નાણા મંત્રીશ્રી સનત મહેતા.

દાખલ થયાની તારીખ	પહેલા વાંચનની તારીખ	બીજા વાંચનની તારીખ	ત્રીજા વાંચનની તારીખ	સુધારા			શેરો
				જેની સૂચના મળી	જે રજૂ કરવામાં આવ્યાં	જે પસાર કરવામાં આવ્યા	
૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩
૩-૧-૮૩	૩-૧-૮૩	૩-૧-૮૩	૩-૧-૮૩	...	...	...	...

પત્રક ક્રમાંક ૧૦

(જુઓ ફકરા ક્રમાંક—૯)

મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો

નંબર	વિષય	સૂચના આપનાર સભ્યશ્રીનું નામ અને તારીખ	મંત્રી મંડળ	દાખલ કે નામંજૂર	ચર્ચાયાની તારીખ	પરિણામ	શેરો
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧ મંત્રી મંડળમાં અવિશ્વાસ હોવા બાબત	શ્રી મકરંદ દેસાઈ (શ્રી દલસુખભાઈ ગોધાણી અને શ્રી કૃષ્ણવદન પરચીગર) ૨૭-૧૨-૧૯૮૨	શ્રી માધવસિંહ સોલંકી	દાખલ	૨૮-૧૨-૧૯૮૨ અને ૩૦-૧૨-૧૯૮૨	મૌખિક મતદાન થતાં પ્રસ્તાવનો અસ્વીકાર થયો	

પત્રક ક્રમાંક ૧૧

(જુઓ ફકરા ક્રમાંક ૧૦)

વૈધાનિક પ્રસ્તાવો સિવાયના સરકારી પ્રસ્તાવો (નિયમ-૯૩)

અનુક્રમ નંબર	પ્રસ્તાવની સૂચના આપનાર મંત્રીશ્રી	પ્રસ્તાવનો વિષય	ચર્ચાયાની તારીખ	શેરો
૧	૨	૩	૪	૫
૧	માનનીય મુખ્ય મંત્રીશ્રી માધવસિંહ સોલંકી	આ સભાગૃહ, ગુજરાતમાં વાવા-ઝોડાથી અને ચાલુ રહેલ અછતની સ્થિતિથી ઉપસ્થિત થયેલ વિકટ પરિસ્થિતિની વિચારણા કરે.	૩૧-૧૨-૮૨ અને ૩-૧-૮૨	...

પત્રક ક્રમાંક ૧૨

(જુઓ ફકરા ક્રમાંક—૧૧)

વટહુકમો નામંજૂર કરતા પ્રસ્તાવો [નિયમ-૧૫૨(૨)]

મળેલ સૂચનાઓની સંખ્યા	નામંજૂર કરેલ કે પાછી ખેંચી લીધેલ વિગેરે સૂચનાની સંખ્યા	દાખલ કરેલ સૂચનાઓનો વિષય	સૂચના આપનાર સભ્યશ્રીનું નામ	ચર્ચાયાની તારીખ	પરિણામ શેરો
૧	૨ ૩	૪	૫	૬	૭ ૮
૩.	... ૩	૧. આ સભાગૃહ સન ૧૯૮૨ના વટહુકમ ક્રમાંક-૨-સન-૧૯૮૨ના ગુજરાત નગરપાલિકા (સુધારા) વટહુકમને નામંજૂર કરે.	શ્રી. અશોક ભટ્ટ (શ્રી. શશીકાન્ત લાખાણી)	... વટહુકમનું સ્થાન લેતું વિધેયક રજૂ થયું ન હોવાથી પ્રસ્તાવ હાથ ધરી શકાયો નહીં.	
		૨. આ સભાગૃહ સન ૧૯૮૨ના વટહુકમ ક્રમાંક ૩ સન ૧૯૮૨ના ગુજરાત આકસ્મિક ફંડ (કામચલાઉ વધારા) વટહુકમને નામંજૂર કરે.	શ્રી. અશોક ભટ્ટ	... સભ્યશ્રીની ગેરહાજરીને કારણે પ્રસ્તાવ હાથ ધરી શકાયો નહીં.	

પત્રક ક્રમાંક ૧૩

(જુઓ ફકરા ક્રમાંક ૧૫

ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ—૧૧૬)

મળેલી સૂચનાઓની સંખ્યા	દાખલ કરેલી સુચનાઓ	દાખલ કરેલી સૂચનાઓ વિષય (ટૂંકમાં)	સૂચના આપનાર સભ્યશ્રીનું નામ	બાબત પર ધ્યાન દોર્યા તારીખ
૧	૨	૩	૪	૫
૨૬	૨	(૧) ખેત મજૂરોના લઘુતમ વેતન દર અંગે	શ્રી જશવંતસિંહ ચૌહાણ	૨૮-૧૨-૮૨
		(૨) પોરબંદરની મહારાણા મીલના કામદારોને વેતન નહીં મળવા બાબત	શ્રી શશીકાન્ત લાખાણી	૩૦-૧૨-૮૨

પત્રક ક્રમાંક ૧૪

(જુઓ ફકરા ક્રમાંક—૧૬)

દાખલ કરવાનું બિન-સરકારી વિધેયક

અ. નં.	વિધેયકની ટૂંકી સંજ્ઞા	સરકારી વિભાગ	પ્રભારી સભ્યશ્રી	દાખલ થયા તારીખ	વિધેયકનો ક્રમાંક	વિધેયક ગેઝેટમાં પ્રસિદ્ધ થયા તારીખ
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	સન ૧૯૮૨નું ગુજરાત જાહેર ગ્રંથાલય વિધેયક	શિક્ષણ	શ્રી શાંતિલાલ પી. પટેલ	૩૧-૧૨-૮૨	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૮૯	૧-૧-૮૩

પત્રક ક્રમાંક—૧૫

(જુઓ ફકરા ક્રમાંક—૧૭)

પહેલાં, બીજા અને ત્રીજા વાંચન માટેનાં (નિકાલ થયેલાં) બિન-સરકારી વિધેયકો.

અનુક્રમ	વિધેયકનો ક્રમાંક અને ટૂંકી સંજ્ઞા	વિભાગનું નામ	પ્રભારી સભ્યશ્રીનું નામ	વિધેયક અંગે પ્રસ્તાવો	ચર્ચાની તારીખ
૧	૨	૩	૪	૫	૬
૧.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક : ૧૯— સન ૧૯૮૨નું ગુજરાત ગ્રામ વિસ્તારોમાં ભંગી કુટુંબોને પુનઃ વસવાટ કરવા બાબતનું વિધેયક.	સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ.	શ્રી. ભાનુભાઈ વાઘેલા	વિધેયકનું પહેલું વાંચન કરવાનો પ્રસ્તાવ રજૂ થયો. ચર્ચાને અંતે વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.	૩૧-૧૨-૮૨
૨.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક : ૪૧— સન ૧૯૮૨નું ગુજરાત મૈત્રી કરાર પ્રતિબંધ વિધેયક.	કાયદા.	શ્રી. શશીકાન્ત લાખાણી	વિધેયકનું પહેલું વાંચન કરવાનો પ્રસ્તાવ રજૂ થયો અને તે પ્રસ્તાવનો અસ્વિકાર થતાં વિધેયક નામંજૂર કરવામાં આવ્યું.	૩૧-૨-૮૨
૩.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક : ૬૪- સન ૧૯૮૨નું ગુજરાત અગરિયા કલ્યાણ બોર્ડ વિધેયક.	ઉદ્યોગ, ખાણ અને વીજળી	શ્રી શશીકાન્ત લાખાણી	—„—	„

(જુઓ ફકરા ક્રમાંક—૧૭)

પહેલાં, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેલાં બિન સરકારી વિધેયક

આ. નં.	વિધેયકનો ક્રમાંક અને ટૂંકી સંજ્ઞા	વિભાગનું નામ	પ્રભારી સભ્યશ્રીનું નામ	શેરો
૧	૨	૩	૪	૫
૧.	સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક-૫૮ સન ૧૯૮૦નું ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય વિધેયક.	કાયદા	શ્રી શાંતિલાલ પી. પટેલ	...
૨.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૧૪- સન ૧૯૮૦નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક.	સહકાર	શ્રી કાનજીભાઈ ઓલ. પટેલ	...
૩.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૩૯- સન ૧૯૮૧નું મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક.	સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...
૪.	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૪૦- સન ૧૯૮૧નું મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત સુધારા) વિધેયક.	શ્રમ અને રોજગાર	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...
૫.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૧૬- સન ૧૯૮૨નું ગુજરાત મત્સ્યોદ્યોગ કોર્પોરેશન વિધેયક.	બંદરો અને મત્સ્યોદ્યોગ	શ્રી શશીકાન્ત લાખાણી	...
૬.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૧૯૮૨નું ગુજરાત શહેરી વિસ્તારોમાં ઝાડુ વાળાઓને રક્ષણ આપવા બાબત વિધેયક.	સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ	શ્રી ભાનુભાઈ વાઘેલા	...

૭. સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૨૦ સન ૧૯૮૨નું મુંબઈ કોર્ટ ફી (ગુજરાત સુધારા) વિધેયક.	કાયદા	શ્રી શશીકાન્ત લાખાણી	...
૮. સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૨૧- સન ૧૯૮૨નું ગુજરાતનું પક્ષાંતર બદલ સ્થાનિક સત્તામંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવાની જોગવાઈ કરતું વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી અશોક ભટ્ટ	
૯. સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૨૨- સન ૧૯૮૨નું ગુજરાતનું પંચાયત (સુધારા) વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ	શ્રી અશોક ભટ્ટ	...
૧૦. સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૨૪- સન ૧૯૮૨નું ગુજરાત જાહેર ગ્રંથાલય વિધેયક.	શિક્ષણ	શ્રી અશોક ભટ્ટ	...
૧૧. સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૨૫- સન ૧૯૮૨નું ઉત્તર ગુજરાત યુનિવર્સિટી વિધેયક.	શિક્ષણ	શ્રી ડાહ્યાભાઈ પી. પટેલ	...
૧૨. સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૨૬- સન ૧૯૮૨નું ગુજરાત (પ્રદર્શન ગૃહોમાં) ધુમ્રપાન પ્રતિબંધ વિધેયક.	ગૃહ	શ્રી શશીકાન્ત લાખાણી	...
૧૩. સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૨૭- સન ૧૯૮૨નું ગુજરાત રાજભાષા વિધેયક.	સામાન્ય વહીવટ	શ્રી શશીકાન્ત લાખાણી	...
૧૪. સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૨૮- સન ૧૯૮૨નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ.	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...
૧૫. સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૨૯-સન ૧૯૮૨નું ગુજરાત વિધાનસભાના સભ્યોની અસ્કયામતોની જાહેરાત બાબતનું વિધેયક.	કાયદા	શ્રી અશોક ભટ્ટ	...

૧	૨	૩	૪	૫
૧૬.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૩૦ સન ૧૯૮૨નું વાંચ ફ્રશ્વત પ્રતિષેધ (ગુજરાત સુધારા) વિધેયક.	ગૃહ	શ્રી અશોક ભટ્ટ	...
૧૭.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૩૧- સન ૧૯૮૨નું ગુજરાત લોકાયુકત અને ઉપલોકાયુકત વિધેયક.	ગૃહ	શ્રી અશોક ભટ્ટ	...
૧૮.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૩૩- સન ૧૯૮૨નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને અને શહેરી વિકાસ	શ્રી અશોક ભટ્ટ	...
૧૯.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૩૪- સન ૧૯૮૨નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી અશોક ભટ્ટ	...
૨૦.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૩૫- સન ૧૯૮૨નું મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક.	સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...
૨૧.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૩૬- સન ૧૯૮૨નું ગુજરાત ખેત મજૂર વિધેયક.	શ્રમ અને રોજગાર	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...
૨૨.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક ૩૭ સન ૧૯૮૨નું ગુજરાત લઘુમતિ સંરક્ષણ વિધેયક.	ગૃહ	શ્રી જશવંતસિંહ ચૌહાણ.	...
૨૩.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૩૮ સન ૧૯૮૨નું ગુજરાત હળપતિ રક્ષણ-દળ વિધેયક.	ગૃહ	,,	...

૨૪.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૩૯ સન ૧૯૮૨નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ.	,,	---
૨૫.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૪૦ સન ૧૯૮૨નું ગુજરાત માધ્યમિક શિક્ષણ રાષ્ટ્રીયકરણ વિધેયક.	શિક્ષણ	,,	---
૨૬.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૪૨ સન ૧૯૮૨નું ગુજરાત સ્ટેડિયમ સમિતિ વિધેયક.	શિક્ષણ		---
૨૭.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૪૩ સન ૧૯૮૨નું મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક.	મકાન અને માર્ગવ્યવહાર	,,	---
૨૮.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૪૭ સન ૧૯૮૨ ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ (સુધારા) વિધેયક.	કાયદા	,,	---
૨૯.	સન ૧૯૮૨ વિધેયક ક્રમાંક-૪૯ સન ૧૯૮૨ મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ.	,,	---
૩૦.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૫૦ સન ૧૯૮૨નું મુંબઈ દુકાન અને સંસ્થા (ગુજરાત સુધારા) વિધેયક.	શ્રમ અને રોજગાર	,,	
૩૧.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૫૮ સન ૧૯૮૨નું ન્યુનતમ વેતન (ગુજરાત સુધારા) વિધેયક.	શ્રમ અને રોજગાર	શ્રી અશોક ભટ્ટ	---

૧	૨	૩	૪	૫
૩૨.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૫૯ સન ૧૯૮૨નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી અશોક ભટ્ટ	...
૩૩.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૬૦ સન ૧૯૮૨નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક.	મહેસૂલ	,,	...
૩૪.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૬૧ સન ૧૯૮૨નું ગુજરાત પંચાયત અને નગરપાલિકા (કાયદા) (સુધારા) વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી શાંતિલાલ પટેલ	...
૩૫.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૬૨ સન ૧૯૮૨નું ગુજરાત વિધાન સભાના સભ્યો અને અધ્યક્ષના, મંત્રીઓ અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાને લગતા કાયદા (સુધારા) ગુજરાત વિધેયક.	કાયદા	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...
૩૬.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૬૩ સન ૧૯૮૨નું ગુજરાત મહિલા રક્ષક દળ વિધેયક.	ગૃહ	શ્રી શશીકાન્ત લાખાણી	...
૩૭.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૬૫ સન ૧૯૮૨નું ગુજરાત ખાણ મજૂરો મારફત ખાણ અને ખનીજનો વિકાસ કરવા બાબત વિધેયક.	ઉદ્યોગ, ખાણ અને વીજળી	,,	...

૩૮. સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૭૨ સન ૧૯૮૨નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને અને શહેરી વિકાસ.	શ્રી મોહમંદહુસેન બારેજિયા	...
૩૯. સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૭૩ સન ૧૯૮૨નું ગુજરાત નિર્વાહ ભથ્થું ચુકવવા બાબત વિધેયક.	શ્રમ અને રોજગાર	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...
૪૦. સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૭૪ સન ૧૯૮૨નું ગુજરાત કામદાર ઘર-ભાડાં ભથ્થા વિધેયક.	શ્રમ અને રોજગાર	,,	...
૪૧. સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૭૫ સન ૧૯૮૨નું ગુજરાત પંચાયત અને નગરપાલિકા કાયદા (સુધારા) વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ.	શ્રી ભાનુભાઈ વાઘેલા	...
૪૨. સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૭૬ સન ૧૯૮૨નું ગુજરાત વિધાનસભા સચિવાલય (ભરતી અને સેવાની શરતો) બાબત વિધેયક.	કાયદા	શ્રી કૃષ્ણવદન પરચીગર.	...
૪૩. સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૭૭ સન ૧૯૮૨નું ગુજરાત (રાજય સેવક દ્વારા) તિરસ્કાર થતો અટકાવવા બાબત વિધેયક.	સામાન્ય વહીવટ	શ્રી શશીકાન્ત લાખાણી	...
૪૪. સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૮૦ સન ૧૯૮૨નું ગુજરાત સિનેમા કામદાર કલ્યાણ ફંડ વિધેયક.	શ્રમ અને રોજગાર	શ્રી શશીકાન્ત લાખાણી.	...
૪૫. સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૮૧ સન ૧૯૮૨નું મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયક.	ગૃહ	શ્રી શશીકાન્ત લાખાણી	...

૧	૨	૩	૪	૫
૪૬.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૮૨ સન ૧૯૮૨નું બહુમાળી મકાન વેરા વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ.	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...
૪૭.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૮૩ સન ૧૯૮૨નું મુંબઈ લોટરી (નિયંત્રણ અને વેરા) અને ઈનામી હરીફાઈ (વેરા) (ગુજરાત સુધારા) વિધેયક.	ગૃહ	શ્રી કૃષ્ણવદન પચ્ચીગર	...
૪૮.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૮૪ સન ૧૯૮૨નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક.	શ્રમ અને રોજગાર	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...
૪૯.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૮૫ સન ૧૯૮૨નું ગુજરાત વસ્તી નિયંત્રણ બોર્ડ વિધેયક.	આરોગ્ય અને કુટુંબ કલ્યાણ	શ્રી શશીકાન્ત લાખાણી	...
૫૦.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૮૬ સન ૧૯૮૨નું ગુજરાત (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત વિધેયક.	સામાન્ય વહીવટ	શ્રી કાનજીભાઈ મ. પટેલ	...
૫૧.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૮૭ સન ૧૯૮૨નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ.	શ્રી શશીકાન્ત લાખાણી	...
૫૨.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૮૯ સન ૧૯૮૨નું ગુજરાત જાહેર ગ્રંથાલય વિધેયક.	શિક્ષણ	શ્રી શાંતિલાલ પટેલ	...

પત્રક ક્રમાંક—૧૭

(જુઓ ફકરા ક્રમાંક—૨૪)

સત્ર દરમિયાન વિધાનસભાના પક્ષોમાં ફેરફારની તારીખવાર માહિતી

તારીખ	કુલ સંખ્યા	કોંગ્રેસ (આઈ)	જનતા પક્ષ (જે. પી.)	ભારતીય જનતા પક્ષ	રાષ્ટ્રીય કોંગ્રેસ	અપક્ષ	ખાલી
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૨૭--૧૨--૮૨	૧૮૨	૧૪૦	૧૭	૧૨	૭	૬	૧૧
	(કોંગ્રેસ (આઈ) પક્ષના સભ્યશ્રી કૃષ્ણવદન પરચીગર, શ્રી શશીકાન્ત લાખાણી, શ્રી વાડીલાલ કામદાર, શ્રી જમનાદાસ વેકરીયા, શ્રી મુળજીભાઈ હુડકા, શ્રી મોહનલાલ શાહ અને શ્રી કરસનભાઈ રાઠવા રાષ્ટ્રીય કોંગ્રેસમાં જોડાયાની જાહેરાત તા. ૨૭--૧૨--૮૨ના રોજ ગૃહમાં કરવામાં આવી.)						
૩૧--૧૨--૮૨	૧૮૨	૧૪૧	૧૬	૧૨	૭	૬	–
	(જનતા પક્ષના સભ્યશ્રી ધીરૂભાઈ રીબડીયા કોંગ્રેસ (આઈ) પક્ષમાં જોડાયાની જાહેરાત ગૃહમાં તા. ૩૧--૧૨--૮૨ના રોજ કરવામાં આવી.)						

પત્રક ક્રમાંક—૧૮

(જુઓ ફકરા ક્રમાંક—૨૧)

(ખરેખર કામકાજ થયા પ્રમાણેની યાદી)

ડિસેમ્બર, ૧૯૮૨

સોમવાર, તા. ૨૭મી	શોકદર્શક ઉલ્લેખ.
મંગળવાર, તા. ૨૮મી	મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)
ગુરુવાર, તા. ૩૦મી	મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવ પર ચર્ચા. (બીજો અને છેલ્લો દિવસ).
શુક્રવાર, તા. ૩૧મી	૧. નિયમ ૯૩ હેઠળ માન. મુખ્ય મંત્રીશ્રીના ગુજરાતમાં વાવાઝોડાથી અને ચાલુ રહેલ અછતની સ્થિતિથી ઉપસ્થિત થયેલ વિકટ પરિસ્થિતિની વિચારણા કરવા અંગેના પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ).
	૨. બિન-સરકારી વિધેયકો.

જાન્યુઆરી—૧૯૮૩

સોમવાર, તા. ૩જી	૧. સરકારી વિધેયક.
	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક ૮૮ સન ૧૯૮૨નું ગુજરાત આકસ્મિક ફંડ (કામચલાઉ વધારા) વિધેયક દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન——— માન. નાણા મંત્રીશ્રી, સનત મહેતા.
	૨. નિયમ ૯૩ હેઠળ માન. મુખ્ય મંત્રીશ્રીના ગુજરાતમાં વાવાઝોડાથી અને ચાલુ રહેલ અછતની સ્થિતિથી ઉપસ્થિત થયેલ વિકટ પરિસ્થિતિની વિચારણા કરવા અંગેના પ્રસ્તાવ પર ચર્ચા (બીજો અને છેલ્લો દિવસ).

પત્રક ક્રમાંક—૧૯

(જુઓ ફકરા ક્રમાંક—૨૬)

રોજે રોજનાં કામકાજનો સારાંશ

સોમવાર, તા. ૨૭મી ડિસેમ્બર, ૧૯૮૨.

૧. (૧) મુખ્ય મંત્રી, શ્રી માધવસિંહ સોલંકીએ આચાર્ય શ્રી વિનોબા ભાવેના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી. ત્યારપછી વિરોધ પક્ષના નેતા શ્રી દલસુખ ભાઈ ગોધાણી, શ્રી ચીમનભાઈ પટેલ, શ્રી મકરંદ દેસાઈ, શ્રી કૃષ્ણવદન પચ્ચીગર, શ્રી જશવંત સિંહ ચૌહાણ, શ્રી હરિસિંહ ચાવડા, શ્રી અશોક ભટ્ટ અને શ્રી વાડીલાલ કામદારે સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સ્વર્ગસ્થને અંજલિ આપી. ત્યારપછી સભ્યોએ થોડીવાર ઉભા થઈ મૌન પાળ્યું. ત્યારપછી અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સ્વર્ગસ્થનાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીનો સંદેશો મોકલવામાં આવશે.

(૨) મુખ્યમંત્રી, શ્રી માધવસિંહ સોલંકીએ વિધાનસભાના ચાલુ સભ્ય માજી મંત્રીશ્રી ભાણજી-ભાઈ ભીમજીભાઈ પટેલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી. ત્યારપછી વિરોધપક્ષના નેતા, શ્રી દલસુખભાઈ ગોધાણી, ઉપાધ્યક્ષ, શ્રી રમણિકભાઈ ધામી, શ્રી ચીમનભાઈ પટેલ, શ્રી કેશુભાઈ પટેલ, શ્રી જમનાદાસ વેકરિયા, શ્રી વલ્લભભાઈ પટેલ, શ્રી નગીનદાસ શાહ, શ્રી હેમત માડમ અને નાયબ કાયદા મંત્રી, શ્રી મહંમદ હુસેન બલોચે સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સ્વર્ગસ્થને અંજલિ આપી. ત્યારપછી સભ્યોએ થોડીવાર ઉભા થઈ મૌન પાળ્યું. ત્યારપછી અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સ્વર્ગસ્થનાં કુટુંબી-જનોને ગૃહની દિલસોજીનો સંદેશો મોકલવામાં આવશે.

(૩) મુખ્યમંત્રી, શ્રી માધવસિંહ સોલંકીએ વિધાનસભાના ચાલુ સભ્ય અને મંત્રીમંડળના મંત્રી, શ્રી ત્રંબકલાલ મોહનલાલ દવેના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી. ત્યારપછી વિરોધ પક્ષના નેતા શ્રી દલસુખભાઈ ગોધાણી, શ્રી કૃષ્ણવદન પચ્ચીગર, શ્રી મકરંદ દેસાઈ, શ્રી કરમશી મકવાણા, શ્રી અરવિંદકુમાર આચાર્ય, શ્રી દ્વારકાદાસ પટેલ, કૃષિ મંત્રી, મહંત શ્રી વિજયદાસજી, શ્રી જીતુભા રાણા, શ્રી નગીનદાસ શાહ, કુ. શાંતાબહેન ચાવડા અને શ્રી વાડીલાલ કામદારે સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ અધ્યક્ષશ્રીએ પણ સ્વર્ગસ્થને અંજલિ આપી. ત્યારપછી સભ્યોએ થોડીવાર ઉભા થઈ મૌન પાળ્યું. ત્યારપછી અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સ્વર્ગસ્થનાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીનો સંદેશો મોકલવામાં આવશે.

(૪) મુખ્યમંત્રી,શ્રી માધવસિંહ સોલંકીએ ગુજરાત વિધાનસભાના માજી સભ્ય,શ્રી જટાશંકર દલસુખરામ પંડયાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી. ત્યારપછી વિરોધપક્ષના નેતા, શ્રી દલસુખભાઈ ગોધાણી, શ્રી લેખરાજ બચાણી અને શ્રી શાંતિ-લાલ પટેલે સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સ્વર્ગસ્થને અંજલિ આપી. સભ્યોએ થોડીવાર ઉભા થઈ મૌન પાળ્યું. ત્યારપછી અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સ્વર્ગસ્થનાં કુટુંબી-જનોને ગૃહની દિલસોજીનો સંદેશો મોકલવામાં આવશે.

ત્યારપછી, મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકીએ સૂચન કર્યું કે સ્વર્ગસ્થોના માનમાં બાકીનું કામકાજ કર્યા સિવાય સભાગૃહ મુલતવી રાખવામાં આવે. વિરોધપક્ષના નેતા શ્રી દલસુખભાઈ ગોધાણી તેની સાથે સંમત થયા. ત્યારપછી સ્વર્ગસ્થોના માનમાં બાકીનું કામકાજ મુલતવી રાખવામાં આવ્યું.

મંગળવાર, તા. ૨૮મી ડિસેમ્બર, ૧૯૮૨.

